# નારી અસ્તિત્વના વેધક પ્રશ્નને રજૂ કરતી કૃતિ 'શીમળાના ફૂલ'

પ્રા. હરેશભાઇ એમ. ગોળ
ગુજરાતી વિભાગ, શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ કોલેજ, વડગામ

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નવલકથા સ્વરૂપમાં પ્રદાન કરાનારા સ્ત્રી સર્જકોમાં ધીરૂબેન પટેલ કુન્દનિકા કાપડીયા વગેરે નામ જાણીતા છે. ધીરૂબેન પટેલનો જન્મ વડોદરામાં ૧૯૨૬ માં થયો હતો. તેમનું શિક્ષણ સાન્તાકુઝની પોદાર હાઇસ્કુલમાં અને ઉચ્ચશિક્ષણ એલ્ફિસ્ટન કોલેજ મુંબઇમાં થયું છે. ૧૬૪૫માં અંગ્રેજી વિષય સાથે સ્નાતક અને ૧૯૪૮માં અનુસ્નાતકનો અભ્યાસ કર્યો છે. ૧૯૪૯થી મુંબઇની ભવન કોલેજમાં અધ્યાપકની જવાબદારી સ્વીકારી છે. ૧૯૬૩-૬૪ માં દહીસરની કોલેજમાં જોડાયા છે. આ સમય દરમિયાન આનંદપબ્લિશર્સનું સંચાલન અને કલ્કિ પ્રકાશન શરૂ કર્યું. ૧૯૭૫ સુધી જાણીતા 'સુધા' સાપ્તાહિકના તંત્રી બની રહ્યા છે. તેમની આ સાહિત્યિક કામગીરીના કદરરૂપે તેમને ૧૯૮૦ માં રણજિતરામ સર્વણચંદ્રક મળ્યો છે.

ધીરૂબેન પટેલની કલમે 'અધુરો કોલ', (૧૯૫૫), 'એક લહર' (૧૯૫૭) અને 'વિશ્રંભકકથા' (૧૯૬૬) જેવા વર્તાસંગ્રહો સજાર્યા છે. રોચક વસ્તુગફન, પ્રવાહીભાષા, નારીહૃદયની ગુઢ લાગણીઓનું આલેખન તથા માનવમનના ઉંડાણોને તાગવાની મથામણ એ એમની વાર્તાઓની વિશેષતાઓ છે. 'વડવાનલ' (૧૯૬૩), 'વાંસનો અંકુર' (૧૯૬૮), 'શીમળના ફુલ' (૧૯૭૬), 'વાવંટોળ' (૧૯૭૯) અને 'વમળ' (૧૯૭૯), 'આંધળી ગલી' (૧૯૬૮) એ નવલકથાઓમાં 'શિમળાના ફુલ', 'એક ભલો માણસ' (૧૯૭૯), પ્રભાવશાળી કૃતિઓ છે. ગુજરાતી નવલકથામાં નારી કેન્દ્રી નવલકથાઓ પ્રમાણમાં ઓછી છે અને જે કંઇ રચાઇ છે તેમાં નારીના પ્રશ્નો આછા-છુટક રીતે આલેખાયા છે.

નવલકથા સ્વરૂપ તેના આરંભકાળથી જ વાસ્તવિકતા અને કલ્પનાના તત્વથી સભર રહ્યું છે. વાસ્તવજગતમાંથી એ કથાસૃષ્ટિને લે છે તેમાં જીવનના ધબકારો નવલકથાને ચેતનવંતી બનાવે છે નવલકથાના સર્જક પાસે સમયની મોટી મૂડી હોય છે. તે ભૂત-વર્તમાન અને ભવિષ્યમાં જઇ શકે છે સ્થળ સમયના વિસ્તૃત પરિમાણ ધરાવતું આ સ્વરૂપ અપ્રસ્તૃત ઘટનાઓને આલેખે છે નવલકથાકાર પાત્રોના આંતરજીવન પર ધ્યાન આપી એક પ્રકારની મનૌવૈજ્ઞાનિક પરિણામ ધરાવતી કૃતિ રચી શકે છે. ધીરૂબેન પટેલ 'શીમળાના ફુલ' (૧૯૭૬) નવલકથામાં આવા મનો વૈજ્ઞાનિક પરિમાણો સજર્યા છે.

'શીમળાનાં ફુલ' નવલકથા નારીસંવેદનાને વ્યક્ત કરતી કૃતિ છે. માનવજીવનમાં સાંસારિકજીવન પરંપરા પ્રમાણે ચાલે છે. જ્યારે રન્ના આ પરંપરાના રસ્તેથી જરાક પોતાની મરજી પ્રમાણે ચાલવા ગઇ તો પોતાના અસ્તિત્વને જોખમમાં પડેલું જુએ છે. આવી આ નવલકથામાં નાયીકા રન્નાની સંવેદના તેના અસ્તિત્વના પ્રશ્ન સાથે રજૂ થઇ છે. વિમલ સાથેનો તેનો ૨૦ વર્ષનો સંબંધ રહ્યો છે આ સંબંધથી મળેલ ફુલ 'દીપા' છે તે દીપા મૃત્યુ પામતાં રન્નાની જીંદગીમાં રહી સહી આશાપર પાણી ફરી વળે છે રન્ના જ્યારે ઘરેથી કાયમ માટે જવા તૈયાર થાય છે વિમલ વી.ટી. સ્ટેશન સુધી મુકવા જાય છે ત્યારે એ બંને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ દાખવે છે. વિમલ રન્નાને રોકાઇ જવા માટે કહે છે પરંતુ રન્નાએ જવાનો સ્પષ્ટ નિર્ધાર કરી લીધો છે સ્ટેશને રન્નાને મૂકવા જતો વિમલ ગાડી તેજ ભગાવે છે ત્યારે રન્ના ડરે છે ધીમે હાંકવાનું કહે છે વિમલના મનમાં પ્રશ્ન થાય છે આ ગાડીની ઝડપથી રન્ના ડરે છે પણ ઘર છોડતાં કેમ નથી ડરતી. આજ તો રન્નાના જીવનના અસ્તિત્વની વેધકતા છે નારીનો આગવો સ્વભાવ છે બીબાઢાળ જીદગી રન્નાને ગમતી નથી સંબંધોની સચ્ચાઇમાં જીવવા તે માગે છે.

"એક જ ઘરમાં રહેવા છતાં સાથ છૂટી ગયાની અનુભૂતિ પળેપળે થયા કરતી હોય ત્યારે માણસને જીવવું કેટલું વસમુ થઇ પડે છે પાસે હોવા છતાં યુગોની દુરી દેખાય છે."

રન્ના ઘર છોડી પૂનામાં રહેતી બહેનપણી ઉમા પાસે રહેવા જાય છે ઉમાના પાત્રમાં પણ અસ્તિત્વ ટકાવી રાખવાના પ્રયત્નો છે તેના પતિના મૃત્યું પછી તેનું અસ્તિત્વ કેવી કપરી પરિસ્થિતિમાં મુકાયુ છે તેની પુત્રી પાયલ આધુનિક વિચારોની સ્વતંત્રતા ભોગવે છે નારીસ્વતંત્રતાને આ પાત્ર ભરપૂર વ્યક્ત કરે છે ઓમી જેવા સિંધિ છોકરા સાથેની તેની મિત્રતા તેને વિષમ પરિસ્થિતિમાં ધકેલી દે છે ગર્ભવતી બનેલી પાયલ ઓમીની ઇચ્છા વિરૂધ્ધ પોતાનું બાળક રાખે છે બાળકને જન્મ આપવા માગે છે તે માટે તેની માતા ઉમાથી પણ એ અલગ પડે છે પાયલના જીવનની આ છૂટી પડેલી દોર કોઇ અજાણી દિશામાં જતી લેખકે બતાવી છે.

'લાગણીનું આ મનોહર મેઘધનુષ્ય ચિત્રકાશમાં તણાયું છે ત્યાં લગી ચાલ આપણે એને માણી લઇએ' એમ રન્ના ઉમા આગળ કહે છે આ રન્નાએ વિમલ સાથે ક્યારેક બોલ્યા વગર વાતો કરી છે આજે શબ્દોના ઢેરના ઢેર ઉથામ્યા છતાં કશુ નથી વળતું છતાં એ દુ:ખી નથી સૌથી મોટા આશ્ચર્યની કદાચ સૌથી મોટા દૂ:ખની વાત પણ એજ છે કે વિમલ જરાપણ દુ:ખી નથી નિયમસર જીવે છે ઘરમાં રહે છે ઓફિસે જાય છે બધા સાથે હળે મળે છે રન્નાનું જોઇએ એટલુ ધ્યાન રાખે છે જીદગી બહુ સરસ રીતે બીબામાં

ઢળાઇને નક્કર બની ગઇ છે એજ તો આ રન્નાના જીવનના અસ્તિત્વની વેધકતા છે.

ઉમાનુ ઘર છોડી મનને શાંત કરવા પઢરપુર આવે છે ત્યાંના પવિત્ર વાતાવરણના સ્પર્શે તેને કેટલેક અંશે રાહત મળે છે અહી આવ્યા પછી રન્નાને વિમલ પાસેથી શું જોઇતું હતુ તે પત્રમાં લખી જણાવે છે આ પત્રમાં લેખકે રન્નાના હૃદયને રજૂ કરી આપ્યુ છે. : 'મકાનની ઝાડીની અને પર્વતની ટોચે ચડીને જાહેર કરવાનું મને મન થાય છે કે વિમલ હું તને ચાહું છું ખૂબ ખૂબ ચાહું છું અને હું ઇચ્છું છુ કે વધારે નહિતો એક વખત મારા મરતાં પહેલાં ફક્ત એક વખત તમે મને મળો, સંપૂર્ણપણે તલ્લીન થઇને ફક્ત મારી એકલીના થઇને જ મને મળો'.

અહી રન્નાની ઇચ્છા પૂરી થાય કે ન થાય એ રન્નાને મન મહત્વનું નથી તેને મન આનંદ એ વાતનો છે કે પોતાના હૃદયની સાચી વાત તે વિમલને જણાવી શકી. વીસ વર્ષના સહચાર્ય જીવન પછી પણ વ્યક્તિઓ એક બીજાને સમજી શકતા નથી ત્યારે કેવી પરિસ્થિતિ ઊભી થાય છે તેનું ધીરૂબેન પટેલે સુંદર શબ્દચિત્ર રચી આપ્યું છે. એક બીજાની નિકટ રહેવા છતાં સ્ત્રીપુરૂષનું અખંડ સાયુજ્ય રન્ના અને વિમલ પામી શક્યાં નથી. એક વ્યક્તિ બીજી વ્યક્તિને ચાહે સ્નાળ-કાળના પરિણામ ભૂલીને અનન્યભાવે ઉત્કટતાથી ચાહે એ કદાચ બની શકે પણ એકજ વ્યક્તિને નિરંતર પ્રકારે ચાહે ક્ષણનાય અવરોધ વગર ચાહ્યા જ કરે શું એ સંભવિત છે ? જગતમાં કયારેય સંભવિત હતું ? નાયીકાના હૃદયનાં આ પ્રશ્નો નારી અસ્તિત્વની વેધકતાને રજૂ કરી આપે છે.

પઢંરપુરની ચંદ્રભાગા નદીમાં સ્નાન પછી રન્નાએ હૃદયને હળવુ તો બનાવ્યું છતાં તેની અંદર કેટલોક અહમ તો શેષ રહ્યો છે નહી તો નિર્શીધ જેવા વ્યક્તિથી ડરવાની શી જરૂર હતી રન્નાનું અસ્તિત્વ વિમલ કહે તેમ નોર્મલન નહી પરંતુ એબ્નોર્મલ સ્ત્રીનું છે આ જ તત્વ રન્નાના અસ્તિત્વને ગુંગળાવે છે.

આ નવલકથામાં આવતુ 'પલ્લવી' નું પાત્ર સમાજની એક વાસ્તવિકતાને વ્યક્ત કરે છે વિમલ સાથેનો તેનો સંબંધ અને તેને લઇને રન્નાના મનમાં થતો પ્રશ્ન, પલ્લવી પ્રત્યેની તેની લાગણી વ્યક્ત થઇ છે પરંતુ જ્યારે પલ્લવી રન્ના આગળ કહે છે કે 'મિ. મહેતા મારા માટે કઇ પહેલા નથી' ત્યાં નારીના અસ્તિત્વનો પ્રશ્ન છે, વેધકતા છે એ વેધકત્તા લેખકના શબ્દોમાં આ રીતે વ્યક્ત થઇ છે – 'ચોમેર ફેલાયેલી કાળી કાળી રાતમાં બધુ એકદમ સ્તબ્ધ નિશ્ચેતન થઇ ગયું જીવે છે માત્ર ઝાકળબિંદુઓ એક એક કરતાં જઇ કુલોની ધારપર બેસે છે શું કરવા કંઇ સમજાતુ નથી. કદાચ કુલોને જીવાડવા પણ કુલોય કઇ જીવતા નથી લાંબો વખત શીમળાના ઝાડ પરથી ખર્યા હોય તો મરી ગયા પછી પણ જીવતાં જેવાં જ લાગે છે થોડી વાર એટલે થી જો મન માને તો'.

નારીજીવનને 'શીમળાના કુલ' જેવા પ્રતિક દ્વારા વ્યક્ત કર્યુ છે રન્ના પાયલ, ઉમા

અને પલ્લવી જેવી નારીઓના જીવનની અસ્તિત્વની વેધકતા ધીરૂબેન પટેલે પ્રતિકાત્મક રીતે ‘શીમળાના ફુલ’ માં મૂકી આપી છે. ચીમળાયેલા ખરી પડેલા શીમળાના ફુલ ખરી પડયા પછી પણ તાજા દેખાય છે.

સ્ત્રી-પુરૂષની અખડતાને સતત ઝંખતી અને દાંપત્યજીવનમાં તેનો અનુભવ કરતી એક વિધતાથી કંટાળી – ત્રાસી ગયેલી ભાવનાશીલ નારી રન્ના છે. આવી ભાવનાશીલ નારીના ચેતન-અચેતન મનની અનેક ગતિવિધિઓનું ચિત્રણ મનોવૈજ્ઞાનિક ભૂમિકાએ ‘શીમળાના ફુલ’ નવલકથામાં થયું છે. રન્નાં નું મન કલ્પન અને પ્રતીકના ઉપયોગ દ્વારા વ્યંજનાત્મક અસરકારક રીતે આકારીત પામ્યું છે. જે ધીરૂબેન પટેલનો કળાવિશેષ બની રહે છે.

**<u>સંદર્ભસૂચિ :-</u>**

(૧) ‘નવલકથા અને હુ’

સંપાદક : હર્ષદ ત્રિવેદી

(૨) ‘શીમળાનાં ફુલ’

લેખક : ધીરૂબહેન પટેલ

પ્રકાશક : અરવિન્દ પંડ્યા, એન. એમ. ત્રિપાઠી પા. લિ. મુંબઇ.

(૩) ‘ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ’

પ્રકાશક : હર્ષદ ત્રિવેદી, ગુજરાતી સાહિત્ય પરિષદ.